જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૯/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૪ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ ટેમ્પો અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૫**

ઈસનપુરઃ શારદાબહેન વા/ઓ બાબુભાઇ સથવારા (ઉ.વ.૭૩) (રહે. બંધન સોસાયટી કેડિલા રોડ ઘોડાસર ઇસનપુર) એ તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે શારદાબહેન સથવારાના મોબાઈલ ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૮૨૮૦૬૯૯૫૩૯ ના ધારકે સાદો કોલ કરી તેમજ વિડીયો કોલ કરી વિજય પાલ નામ જણાવી પોતાની ઓળખ મુંબઈ પોલીસ અધિકારી તરીકે આપી શારદાબહેન સથવારાના ખાતામાં એક કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થયાનું જણાવી શારદાબહેન સથવારા વિરુધ્ધમાં મની લોન્ડરીંગની એફ.આઈ.આર. થયેલ છે, જે કેસમાં ધરપકડ કરવાનું જણાવી શારદાબહેન સથવારાના બેન્ક ખાતાની વિગત તેમજ ખાતામાં કેટલી રકમ છે તે જાણી લઈ તે રકમનું વેરીફીકેશન કરવાનું જણાવેલ અને વેરીફીકેશન બાદ ત્રણ કલાકમાં રૂપિયા પરત મળી જશે તેમ કહી શારદાબહેન સથવારાના બેન્ક ખાતામાંથી તેઓએ આપેલ ખાતામાં આરટીજીએસ થી રૂપિયા ૪,૦૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ રૂપિયા પરત ટ્રાન્સફર નહી કરી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૩/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ મુકેશકુમાર રાધેશ્યામભાઇ બાહેતી (ઉ.વ.૪૭) (રહે. મધુવન વિભાગ–૦૧ કલ્પતરૂ રો–હાઉસ ગોતા હાઉસીંગ મકાન પાછળ ગોતા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી